# આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ-૩૮૮૧૧૦ (ગુજરાત)

ડૉ. ગૌતમ આર. પટેલ
ઇ/ચા કુલસચિવ

Phone/Fax: (o) +91-2692-261310
E-mail: registrar@aau.in


## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના મુખ્ય કેન્દ્ર તથા વિવિધ સંશોધન/વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો, કોલેજ હસ્તકના સંશોધન-વ-પ્રયોગિક ફાર્મના યુનિટવડા/સબ યુનિટ વડાઓને જણાવવાનું કે, આપના હસ્તક આવેલ જમીનોના સર્વે નંબરોના અધતન ૭/૧૨, ૮-અ, તથા ગામ નમુનો નંબર-૬ (હકપત્રક) ઉતારા ની નકલ તેમજ જમીનના સર્વે નંબર દર્શાવતા નકશા સહિતની માહીતી આપની કચેરી કક્ષાએ નિભાવવાની રહેશે. તથા તેની એક નકલ અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે.

વધુમાં સર્વે નંબરો ૭/૧૨, ૮-અ ના ઉતારામાં આણંદ કૃષિ યુનિવર્સિટીનું નામ ચાલે છે કે નહિ તે ચકાસણી કરવી અને જો આણંદ કૃષિ યુનિવર્સિટીનું નામ ન દર્શાવેલ હોયતો ઉતારામાં આણંદ કૃષિ યુનિવર્સિટીનું નામ દાખલ કરવાની જે તે કચેરીએથી કાર્યવાહી કરી નામ સુધારણા કરી અત્રેની કચેરીને સર્વે નંબરો ૭/૧૨ તથા ૮-અ ના ઉતારાની નકલો મોકલી આપવા જણાવવામાં આવે છે. તેમજ યુનિવર્સિટીની જમીનમાં કોઇ બાહ્ય દબાણ કે પેસકદમી કે તકરાર હોય તો તે જમીન યુનિવર્સિટીના કબજા હેઠળ લાવવાની તથા સદર જમીનનો કાર્યક્ષમ ઉપયોગ થાય તે મુજબ પગલા ભરવાના રહેશે તથા જે તે ફાર્મ ના દરેક પ્લોટ ની ઋતુવાર પાક યોજના સક્ષમ કક્ષાએ મંજુર કરાવવાની રહેશે.

પ્રસ્તુત હુકમ યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

કુલસચિવ

જા.નં.આકૃયુ/રજી/જમીન રેકર્ડ/ 649 /૨૦૨૬ તા.30/૦૧/૨૦૨૬

નકલ રવાના:-

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.

(૨) તમામ યુનિટ અધિકારી/ફાર્મના વડા/સબ યુનિટ અધિકારી (પેટા કેન્દ્રો સહિત) તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

D:\Jagdish\JI D Drive\Land.docx6